ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
# સાબરકાંઠા - અરવલ્લી
તા. ૯-૪-૨૦૨૧, શુક્રવાર ૫



અધધ ૨૫૦ કેસ..!!

# બાયડમાં શનિ-રવિ વેપારીઓનું સ્વયંભૂ લૉકડાઉન

## પછીના ૧૦ દિવસ આંશિક લોકડાઉન : માસ્ક નહીં પહેરનાર દુકાનદાર, માણસો દંડાશે, બાયડ પોલીસે પણ કોરોના સામે અભિયાન સખ્ત બનાવ્યું

બાયડમાં અધધ ૨૫૦ થી વધુ કોરોના સંક્રમિત કેસ હોવાની આશંકા વચ્ચે બાયડના વેપારીઓએ








આગામી શનિ-રવિવારે સ્વયંભૂ સંપૂર્ણ લૉકડાઉન તેમજ સોમવારથી સળંગ ૧૦ દિવસ સુધી સવારે ૭-૦૦ થી ૩-૦૦ સુધી ધંધા ચાલુ રાખી ત્યારબાદ આંશિક લૉકડાઉનની જાહેરાત કરી છે. માસ્ક નહીં પહેરનાર દુકાનદાર અને તેમના માણસો પાસેથી રૂા.૧૦૦૦નો દંડ વસુલાશે. બાયડ પોલીસે પણ કોરોના સામે અભિયાન સખ્ત બનાવી રીક્ષા દ્વારા પ્રજાને માસ્ક પહેરવા જાગ્રત કર્યા છે. બાયડ પાલિકા ચીફ ઓફીસરે વેપારીઓ સાથે બેઠક યોજી તમામ વેપારીઓ કોરોના વેક્સિનેશન કરાવે તે માટે અનુરોધ કર્યો હતો.

કોરોનાનું વિકરાળ સ્વરૂપ અનેક વિસ્તારોને ઘમરોળી રહ્યું છે. બાયડ તાલુકામાં કોરોનાના સર્વાધિક કેસ રેપિડ ટેસ્ટમાં જોવા મળ્યા છે. દર્દીઓમાં થઈ રહેલા વધારાથી ડૉક્ટરો અને પેરામેડીકલ સ્ટાફ પણ ચિંતિત બન્યો છે. બાયડમાં ગમે તે ઘડીએ લૉકડાઉન આવી શકે છે તેવી અટકળો હતી પરંતુ બાયડ પાલિકા વિસ્તારના તમામ વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનો માર્ગ સ્વીકારી પ્રજાને કોરોનાની મહામારીમાંથી બચાવવા માટે સામે આવ્યા છે. બાયડ પાલિકામાં વેપારીઓ સાથે યોજાયેલી બેઠકમાં કોરોના વેક્સિનેશન માટે તમામ વેપારીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો. પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલે બાયડમાં વધી રહેલા કોરોનાના કેસ બાબતે ચિંતા વ્યક્ત કરી હતી ત્યારે વેપારીઓએ આગામી શનિ-રવિવારે સંપૂર્ણ બંધ અને સોમવારથી સળંગ ૧૦ દિવસ માટે સવારે ૭-૦૦ થી ૩-૦૦ સુધી ધંધા-રોજગાર ચાલુ રાખવાનો વેપારી એસોસીએશન દ્વારા નિર્ણય લીધાનું જણાવ્યું હતું. સ્વયંભૂ લૉકડાઉન અને આંશિક લૉકડાઉન દરમ્યાન આવશ્યક એવી મેડીકલ સેવા અને દૂધના પાર્લરો ખુલ્લા રાખવામાં આવશે. પરંતુ દુકાનદાર અને તેમનો માણસ માસ્ક વગર જણાશે તો તંત્ર દ્વારા રૂા.૧૦૦૦નો દંડ વસુલવામાં આવશે તેમ પણ જાહેર કરવામાં આવ્યું છે.

# વાત્રકમાં આજથી ૪૦ બેડની કોવિડ હોસ્પિટલનો પ્રારંભ

## મોડાસામાં ૩૦ બેડ વધાર્યા : ઓક્સિજનની તિવ્ર અછત, જિલ્લા કલેક્ટરે ડ્રગ કમિશનર સાથે ચર્ચા કરી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

જિલ્લામાં કોરોનાના કેસ રોકેટ ગતિએ વધી રહ્યા છે. ત્યારે થઈ જશે. મોડાસાની કોવિડ હોસ્પિટલમાં અગાઉ ૫૦ બેડ હતા તેમાં ૩૦નો વધારો કરી ૮૦ બેડની સુવિધા કરવામાં આવી છે. બંન્ને આપવા માટે ચર્ચા કરી છે.

આરોગ્ય તંત્રના કોરોના કેસ બાબતે આંખ આડા કાન વચ્ચે બંન્ને જિલ્લામાં ૧૫૦૦ થી વધુ કોરોના






### મેઢાસણ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ૨૦ બેડનું કોવિડ કેર સેન્ટર : જિલ્લા કલેક્ટર

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે ત્યારે વાત્રકમાં ૪૦ બેડની કોવિડ હોસ્પિટલ ફરી શરૂ કરવામાં આવી છે. જ્યારે મેઢાસણ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ૨૦ બેડનું કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે તેમ અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે ગાંધીનગર સમાચાર સાથેની ટેલિફોનિક મુલાકાતમાં જણાવ્યું છે. જિલ્લાની કોવિડ હોસ્પિટલમાં રેમડેસિવિયર ઈન્જેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું પણ જણાવ્યું છે.

વાત્રક, મોડાસા અને હિંમતનગરમાં કોવિડ હોસ્પિટલ શરૂ કરવાના એકમાત્ર અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં તેનો પડઘો પડ્યો છે. આજે શુક્રવારથી વાત્રક હોસ્પિટલમાં ૪૦ બેડની કોવિડ હોસ્પિટલનો પ્રારંભ જિલ્લામાં ઓક્સિજનની તિવ્ર અછત સામે આવી છે. અરવલ્લી જિલ્લામાં ઓક્સિજનની અછતની વિગતો સામે આવ્યા પછી અરવલ્લી કલેક્ટરે ફુડ એન્ડ ડ્રગના રાજ્ય કમિશનરને જિલ્લાને જરૂરીયાત પ્રમાણે ઓક્સિજન સંક્રમિત દર્દીઓ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. જે રીતે કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે તે જોતાં આગામી પખવાડીયામાં જિલ્લામાં કોરોનાના દર્દીઓ ત્રણ ગણા થવાની ધારણા છે. ત્યારે કોરોનાથી સંક્રમિત દર્દીઓ માટે ખાનગી હોસ્પિટલનો ખર્ચ મુશ્કેલ હતો. ત્યારે એકમાત્ર ગાંધીનગર સમાચારમાં તા.૬ એપ્રિલના રોજ હિંમતનગર-મોડાસા-વાત્રકમાં સરકારી કોવિડ હોસ્પિટલ શરૂ કરવાના અહેવાલ પ્રસિદ્ધ થતાં તંત્ર અને રાજ્યના આરોગ્ય વિભાગે પણ અહેવાલની ગંભીરતા ધ્યાને લઈ તાબડતોબ અરવલ્લી જિલ્લામાં કોવિડ હોસ્પિટલ માટે કુલ-૭૦ બેડનો વધારો કર્યો છે જેમાં ગત જાન્યુઆરીમાં વાત્રકમાં બંધ કરાયેલી કોવિડ હોસ્પિટલમાં ૪૦ બેડની સવલત સાથે આજથી કોરોના દર્દીઓની સારવાર શરૂ થશે. વાત્રક હોસ્પિટલના માનદ્ મંત્રી કનૈયાલાલ એમ. શાહનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આજે વિડીયો કોન્ફરન્સ મારફતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં વાત્રકમાં ૪૦ બેડની કોવિડ હોસ્પિટલ તા.૯ એપ્રિલથી શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં મોડાસા, બાયડ તાલુકામાં અધધ કોરોનાના કેસ સામે આવ્યા છે તે જોતાં આ બંન્ને તાલુકામાં કોરોનાના દર્દીઓને સામાન્ય રાહત થશે. જ્યારે દર્દીઓમાં ઓક્સિજનનું લેવલ જાળવી રાખવા માટે ઓક્સિજન સીલીન્ડરની માંગમાં ઉછાળો આવ્યો છે પરંતુ ઓક્સિજનનું જેટલું પ્રોડક્શન થાય છે તે તમામ અમદાવાદ સિવિલ, વડોદરા અને સુરતમાં મોકલવામાં આવે છે જેના કારણે શહેરી વિસ્તારોની હોસ્પિટલમાં કોરોનાની અછત સામે આવી છે પરંતુ અરવલ્લી કલેક્ટરે આ બાબતને ગંભીરતાથી લઈ રાજ્યના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશનરને વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી ઓક્સિજનનો જરૂરી જથ્થો પૂરો પાડવા જણાવ્યું છે.

# માલપુરની શિક્ષિકાનું કોરોનાથી મોત, હિંમતનગર વિજયનગર બી.આર.સી. કોરોના સકંજામાં

## શિક્ષકોના મોતના સોદાગરોને જેલમાં ધકેલો, શાળાઓ ચાલુ રખાતાં પ્રચંડ રોષ

બાયડ / માલપુર તા.૦૮

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું નવું વેરિયન્ટ ખતરનાક બની ગયું છે. જુઠ્ઠું બોલવામાં માહેર તંત્ર કોરોનાના સાચા આંકડા દબાવી રહ્યું છે. જિલ્લામાં ૧૫૦૦ થી વધુ લોકો કોરોનાથી સંક્રમિત છે. ત્યારે માલપુરની પી.જી. મહેતા હાઈસ્કુલના ઉ.મા. વિભાગનાં શિક્ષિકા ડૉ.રેખાબેન ડી. વાઘેલાનું કોરોનાની સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. મૃતક શિક્ષિકા મોડાસા તાલુકાના બોલુંદ્રાનાં હોવાનું જાણવા મળ્યું છે. હિંમતનગર બી.આર.સી. સંજયભાઈ એમ. પટેલ, વિજયનગર બી.આર.સી. ડૉ.કૌશિકભાઈ શાહ કોરોનાથી સંક્રમિત થતાં સારવાર લઈ રહ્યા છે. જિલ્લાના ૫૦ થી વધુ શિક્ષકો સંક્રમિત થયા છે ત્યારે શિક્ષકોના મોતના સોદાગર બનેલા અધિકારીઓને જેલમાં ધકેલો તેવો આક્રોશ શિક્ષક પરિવારોમાંથી સામે આવ્યો છે. તા.૫ એપ્રિલથી શાળાઓ બંધ રાખવાની રાજ્ય સરકારે સૂચના આપી છે છતાં એકબીજાના અહમ ટકરાવમાં શાળાઓ ચાલુ રહી છે જેના કારણે વધુ ને વધુ શિક્ષકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે.



મોડાસા, માલપુર, મેઘરજ, બાયડ તાલુકાના અનેક શિક્ષકો કોરોનાથી સંક્રમિત થયા પછી લાખો રૂપિયાના ઉંડા ખાડામાં ઉતરી ગયા છે. રાજ્ય સરકાર અને વહીવટી તંત્રના રખોપાઓને માત્ર શિક્ષકો જ કામ કરતા નથી તેવું નજરમાં ઠસી ગયું છે જેથી શિક્ષકોના જીવ જાય તો ભલે જાય પરંતુ તેમની શાળામાં હાજરી જોઈએ તેવો નિષ્ઠુર નિર્ણય લેતાં તેનાં ગંભીર પરિણામો અરવલ્લી જિલ્લામાં સામે આવ્યાં છે. માલપુરની પી.જી. મહેતા હાઈસ્કુલના શિક્ષિકાનું કોરોનાની સારવાર દરમ્યાન અમદાવાદમાં મોત નિપજ્યું છે. ગત તા.૧૩ જાન્યુઆરી-૨૦૧૭ના રોજ મનોવિજ્ઞાનના શિક્ષક તરીકે જોડાયા હતા. સતત તેમનું જીવન સંઘર્ષમાં રહ્યાનું સ્ટાફે જણાવ્યું છે.

કોરોના ભરખી જતાં સ્ટાફની આંખમાંથી આંસુ સરી પડ્યા હતા. જ્યારે સાબરકાંઠા જિલ્લા પ્રા.શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ હિંમતનગર બી.આર.સી. સંજયભાઈ પટેલ પણ કોરોનાથી સંક્રમિત થયા પછી અત્યારે સારવાર હેઠળ છે. અગાઉ પણ ગોરલના પ્રા.શિક્ષકનું કોરોનાના કારણે મોત નિપજ્યું છે. શિક્ષકોના એક પછી એક મોત અને સેંકડો શિક્ષકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે રાજ્યની ભાજપ સરકારે શિક્ષકો માટે સંવેદના દાખવવી જોઈએ તેમાં જો ચૂક થશે તો અનેક શિક્ષકોને કોરોના ભરખી શકે છે.

### શિક્ષણ વિભાગના અધિકારીઓએ કોરોના દરમ્યાન શાળાની મુલાકાતો લીધી..??

જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓ એક પછી એક પ્રા.શિક્ષકો અને હાઈસ્કુલોના શિક્ષકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે શાળાઓ તાબડતોબ બંધ કરવાના બદલે ચાલુ રહે તેમાં જ રૂચિ કેળવી રહ્યા છે. શિક્ષણ વિભાગના અધિકારીઓને પણ કોરોનાથી બચવું છે જેથી ચેમ્બરની બહાર નિકળતા નથી. જિલ્લા શિક્ષણાધિકારી અરવલ્લી દ્વારા પ્રાથમિક શાળાના શિક્ષકોનું કોરોના રસીકરણ થયું તે સમયે હાઈસ્કુલોના શિક્ષકોનું રસીકરણ કરાવ્યું હોત તો કદાચ માલપુરનાં શિક્ષિકાને બચાવી શકાયા હોત. સમગ્ર જિલ્લામાં ચારેકોર કોરોના..કોરોના હાવિ છે ત્યારે શિક્ષણ વિભાગના અધિકારીઓએ પોતાની ચેમ્બરો છોડી ગ્રામ્ય વિસ્તારની શાળાઓની મુલાકાત લેવી જોઈએ જેથી ખ્યાલ આવે કે શિક્ષકોના જીવન ઉપર જોખમ આવે તો કેટલા પરિવારો બરબાદ થાય તેવા છે.

### શાળાઓ બંધ કરવાનો પરીપત્ર પરંતુ નિર્ણય અટવાઈ પડ્યો

રાજ્યમાં કોરોનાની વિસ્ફોટક સ્થિતિ છે ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર રાજ્યના શિક્ષણ વિભાગના ઉપસચિવ બી.વી.રાઠવાએ રાજ્યની પ્રાથમિક શિક્ષણની કચેરીને એક પત્ર લખ્યો હતો જેમાં કોરોનાના કેસ વધવાના કારણે સરકાર દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી રાજ્યની પ્રાથમિક શાળાઓ અન્ય આદેશ ન થાય ત્યાં સુધી બંધ રાખવા કરેલ નિર્ણયની જાહેરાત કરવામાં આવેલ છે તો સરકારશ્રીના આ નિર્ણયની તમામ પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારીઓને જાણ કરવા તેમજ યોગ્ય અમલવારી થાય તે જોવા વિનંતી કરી હતી પરંતુ વિભાગના ઉપસચિવના પત્ર બાબતે આજદિન સુધી કોઈ નિર્ણય કરાયો નથી અને શાળાઓ આજે પણ ચાલુ રહી છે જેના કારણે એક પછી એક શિક્ષકો કોરોનાના ચેપના ભરડામાં આવી રહ્યા છે.

# હરિના ધામમાં સંકલ્પ : મોડાસાના ટીંટીસર મંદિરના મહંતની કુંભમેળામાં સંન્યાસ દીક્ષા

ટીંટીસર / સરડોઈ, તા.૦૮

ઉત્તરાખંડના હરિદ્વારમાં કુંભમેળો ચાલી રહ્યો છે ત્યારે મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુર કાશી વિશ્વનાથ મંદિરના સાધુએ સંન્યાસ દીક્ષા ધારણ કરતાં પંથકની પ્રજા અને જિલ્લાના સાધુ-સંતોમાં ખુશાલી છવાઈ છે.

વિવિધ સંપ્રદાયમાં સંતો-મહંતોનું દાયકાઓથી આગવું મહત્વ રહેલું છે. જેમાં અરવલ્લી જિલ્લાએ દેશવ્યાપી સંતો-મહંતોની ભેટ દેશને આપી છે. શામળાજી ખાખ ચોકના પરમ પૂજ્ય મહામંડલેશ્વર કેશવદાસજી મહારાજ, બાયડના સુંદરપુરા અયોધ્યાધામના પરમ પૂજ્ય ૧૦૦૮ મહામંડલેશ્વર કેશવદાસજી મહારાજ, મૂળ બાયડ તાલુકાના હઠીપુરાના સારસા ગાદીપતિ અવિચલદાસજી



મહારાજ વગેરેમાં તેમાં મુખ્ય છે. જિલ્લામાં અનેક ખ્યાતિ પ્રાપ્ત દેવમંદિરોમાં આવેલા સાધુ-સંતોએ મંદિરોના જીર્ણોદ્ધાર સાથે તેમનો ભૌતિક વિકાસ કર્યો છે અને પ્રજાના દિલમાં છવાયા છે ત્યારે મોડાસાના ટીંટીસર-સજાપુર કાશી વિશ્વનાથ મંદિરના મહંત નિષ્કલચૈતન્ય મહારાજે પૂજ્ય નિજાનંદ સ્વામીના આશીર્વાદ સાથે ગુરૂવારે શુભ મુહર્તમાં હરિદ્વારમાં મહાનિર્વાણ અખાડા દ્વારા સંન્યાસ દીક્ષા ધારણ કરી છે. આ પ્રસંગે ત્રણેય અખાડાના મહામંડલેશ્વરોની ઉપસ્થિતિમાં સંત ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંતની સંન્યાસ દીક્ષા બદલ ટીંટીસર-સજાપુરના ગ્રામજનો, કમલેશભાઈ પંડયા, ઈશ્વરચંદ્ર ભાવસાર અને જીતેન્દ્રસિંહ રાઠોડ વગેરેએ શુભકામનાઓ પાઠવી હતી.

## જાલિયાના મઠ ગુરૂગાદીના મહંત કેશવદાસજી બ્રહ્મલીન

મથુરરામ મહારાજ ગુરૂગાદી



રામદેવપીર મંદિર જાલિયાના મઠ (રખીયાલ) મંદિરના મહંત કેશવદાસજી મહારાજ બ્રહ્મલીન થયા છે.

## અવસાન નોંધ

બાયડ : બાયડની વિવેકાનંદ સોસાયટીમાં રહેતા (મૂળ રહે.બોરલ)



સુરેશભાઈ વિઠ્ઠલભાઈ બ્રહ્મભટ્ટ (નિવૃત્ત અધિક મ. ઈજનેર) અને નર્મદાબેન બ્રહ્મભટ્ટ (પૂર્વ કોર્પોરેટર : નગરપાલિકા, બાયડ)ના પુત્ર જયવદન બ્રહ્મભટ્ટનું નિધન થયેલ છે.

# પોશીના તાલુકા પંચાયત પ્રમુખને મારી નાખવાની ધમકી

પોશીના તાલુકા પંચાયત પ્રમુખ ચીમનભાઈ ખેતાભાઈ ગમારને રાત્રે ટેલિફોન ઉપર છરી મારી હત્યા કરવાની ધમકી કાલીકાંકર ગામના મજીત મોડાભાઈ ગમારે આપતાં હલચલ મચી છે. કાલીકાંકર ગ્રામ પંચાયતની ચૂંટણી પૂર્વે ઉશ્કેરાયેલા ઈસમે પંચાયત તારા બાપની પેઢી છે..તે વર્ષોથી ચૂંટણી લડો છો તેમ કહી પંચાયત પ્રમુખ અને તેમના પિતાને મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે પોશીના પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં અંગત અદાવતો પછી ચૂંટણીના વેરઝેરમાં હિંસક હુમલા તેમજ હત્યાની ધમકીઓ સામાન્ય બની છે. પોશીના તાલુકાના કાલીકાંકર ગામના અને પોશીના તાલુકા પંચાયત પ્રમુખ ચીમનભાઈ ગમારને તા.૩૦ના રોજ ગામના જ મજીત ગમારે ફોન કરી અપશબ્દો બોલ્યા હતા જેમાં વર્ષોથી તમે ચૂંટણી લડો છો તો કાલીકાંકર ગ્રામ પંચાયત તમારા બાપની પેઢી છે..?? બીજા કોઈને ચૂંટણી લડવા દેવી નથી તેમ કહી અપશબ્દો બોલવામાં આવ્યા હતા. ઉશ્કેરાયેલા સ્થાનિક યુવકે ચૂંટણીની અદાવતમાં પંચાયત પ્રમુખ તેમજ તેમના પિતાને છરી મારી હત્યા કરી નાખવાની ગર્ભિત ધમકી આપતાં પોલીસ ફરિયાદ દાખલ થઈ છે.

# ખેડૂતોને મોંઘવારીનો ડામ : ઉત્તર ગુજરાતમાં ઉનાળુ ખેતીની સીઝનમાં ઈફકો દ્વારા ખાતરના ભાવમાં તોતિંગ વધારો

## પાંચ જિલ્લાના નવ લાખથી વધુ ખેડૂતોમાં રોષ, આઝાદી પછી ભાવમાં તોતિંગ વધારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

કોરોનામાં વેપારી, ખેડૂતો પાયમાલ થયા છે તેમને કંઈક રાહત થાય તેવા નિર્ણય લેવાના હોય પરંતુ ઈફકો દ્વારા ખાતરના ભાવમાં તોતિંગ વધારો કરાતાં ખેતી મોંઘી થશે. ખાતરમાં ભાવ વધારો કરાતાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૯ લાખથી વધુ ખેડૂતોમાં રોષ જોવા મળ્યો છે. ખાતરના ભાવમાં સરેરાશ ખાતરની થેલી દીઠ રૂા.૪૦૦ થી ૭૦૦નો વધારો ઝીંકાતાં ખેડૂતો ખેતીથી મોં ફેરવી લે તેવા દિવસો સામે આવ્યા છે અનેક ખેડૂતોએ આઝાદી પછી ખાતરના ભાવમાં તોતિંગ ભાવ વધારાનો આક્રોશ ઠાલવ્યો છે.

### ખાતરના ભાવ સાંભળી ખેડૂતો લાલચોળ

ઈફકો દ્વારા ખેડૂતો માટે પડતા ઉપર પાટુનો ઘા ઝીંક્યો છે. ખાતરની બેગ દીઠ સરેરાશ પર થી ૫૩ ટકાનો ભાવ વધારો ખેતીને ડૂબાડી દેશે તેવો આક્રોશ ખેડૂત અગ્રણી છગનભાઈ પટેલ, અમરાભાઈ પટેલ વગેરેએ વ્યક્ત કર્યો છે. ખાતરના ભાવ સાંભળીને લાખો ખેડૂતો લાલચોળ થઈ ગયા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સમયે ખાતરના ભાવમાં




વધારો કરાયાના અહેવાલ જાહેર થયા પછી સરકારે કોઈ ભાવ વધારો કર્યો નથી તેવું જાહેર કર્યું હતું. પરંતુ ગત રોજ ઈફકો દ્વારા ખાતરના ભાવમાં સરેરાશ પર થી ૫૩ ટકા જેટલો ભાવ વધારો ઝીંકાતાં ખેડૂત સંગઠનો અને ખેડૂતો લાલચોળ થઈ ગયા છે. તા.૧ એપ્રિલથી ખેતી માટે જરૂરી ખાતરની થેલી દીઠ ભાવમાં થયેલા તોતિંગ વધારાએ ખેડૂત પરિવારોને રીતસરના હચમચાવી નાખ્યા છે. ખેતી માટે ડી.એ.પી., એન.પી.કે. અને એન.પી. ખાતરની વધુ માંગ હોય છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં અંદાજીત ૧૪ લાખ હેક્ટર જમીનમાં ૯ લાખથી વધુ ખેડૂતો ત્રણેય સીઝનની ખેતી કરતા હોય છે. જ્યાં સિંચાઈનો લાભ નથી ત્યાં ચોમાસુ ખેતી અને અંશતઃ શિયાળુ ખેતી થતી હોય છે. છેલ્લા ૧૩ મહિનાથી કોરોનાના કારણે ખેડૂતોની પાક ઉપજમાં ફટકો પડ્યો છે. ડીઝલ સહિત અન્ય ચીજવસ્તુ મોંઘી થતાં ખેડૂતો માટે ખેતીની પાક ઉપજ ઘરઆંગણે આવ્યા પછી સરકાર દ્વારા ચૂકવવામાં આવતા પોષણક્ષમ ભાવ પણ ખેડૂતોને પરવડતા નથી ત્યાં સરકાર દ્વારા એક જ ઝાટકે ખાતરની થેલી દીઠ રૂા.૪૦૦ થી ૭૦૦નો વધારો ખેડૂતો માટે પડતા ઉપર પાટુનો ઘા સમાન બની શકે છે. તાજેતરમાં જ ભાજપ દ્વારા રાજ્યના તમામ જિલ્લામાં તા.૧૩ એપ્રિલથી સુપોષણ ખેતીનું અભિયાન શરૂ થવાનું છે. ખેડૂતો જૈવિક ખેતી તરફ વળે અને ખેતી માટે ઘાતક ખાતર-બિયારણનો ઉપયોગ ટાળે તેવા પ્રયાસ હાથ ધરાયા છે. આ સંજોગોમાં ખાતરના ભાવમાં વધારો ઘણું બધું કહી જાય છે. ખેડૂતો દાયકાઓ અગાઉની સજીવ ખેતીને અપનાવે તેવો ઉદ્દેશ્ય પણ સરકારનો હોઈ શકે.

| ખાતર | કેટલો ભાવ વધારો (થેલી દીઠ) |
|---|---|
| ડી.એ.પી. | ૭૦૦ રૂા. |
| એન.પી. | ૪૨૫ રૂા. |
| એન.પી.કે. | ૬૧૫ રૂા. |